અપીલ અરજી નં.૨૬૭ તા.૨૬–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી કાંતિભાઈ ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતિભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી ટેના નં.૧૭બી–૨૪–૪૦૧૧–૦–૦૦૧ વાળી મિલ્કતની નામફેર અંગેની માહિતી બાબતે મુદ્દા નં.૧ મહાનગર પાલિકાને લગતા ધારા, ધોરણો નિયમો પ્રમાણે દસ્તાવેજની વ્યાખ્યા શુ? તે જણાવશો. વિ. મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૭/૨૦૧૦–૧૧

શ્રી કાંતિભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી ટેના નં.૧૭બી–૨૪ –૪૦૧૧ –૦ –૦૦૧ વાળી મિલ્કતની નામફેર અંગેની માહિતી બાબતે મુદ્દા નં.૧ મહાનગર પાલિકાને લગતા ધારા, ધોરણો નિયમો પ્રમાણે દસ્તાવેજની વ્યાખ્યા શુ? તે જણાવશો. વિ. મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આ. ૪૬૫ તા.૨૮–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૯ તા.૩૦–૧૧–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૫૬૬ તા.૮–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, લાગત મિલ્કત અંગેનો ટેનાનં.૧૭બી–૨૪ –૪૦૧૧ –૦ –૦૦૧ સને ૨૦૦૯ –૧૦ ના વેરાબીલની નકલ, તા.૫–૩–૦૯ ની નામફેરની અરજી પહોંચ અને નામફેરની અરજીની નકલ તથા અરજદારને આપેલ મીહતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૪૬૫ તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ તથા રસીદ નં. ૧૨૧૨૫૭ તા.૧–૧૧–૧૦ થી માહિતી ફી ૨/– ભરપાઈ કર્યાની વિગતની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી જેમાં શ્રી દલપતભાઈ નાથુભાઈ પટેલે તા.૫–૩–૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકાની વેસ્ટઝોન ઓફિસમાં ઘર નં.એ/૩૧ ( નં.૧૭બી–૨૪ –૪૦૧૧ –૦ –૦૦૧ )ની નામફેર માટે અરજી આપેલ. જેની રસીદ સામેલ કરેલ છે અરજીના મથાળા ઉપર દર્શાવેલ છે કે દસ્તાવેજી પુરાવાની એટેસ્ટેડ નકલ રજૂ કરવી તેમજ અરજીના નીચેના ભાગે નોંધ (૨) માં જણાવેલ કે મિલ્કત અંગેના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલ આ સાથે જોડવી ફરજીયાત છે. આથી નામ ફેરની અરજી સાથે વેરા ભર્યાની રસીદ તેમજ દસ્તાવેજની પ્રમાણિત નકલ પણ સામેલ કરેલ છે. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાના કોઈ કર્મચારી અથવા અધિકારી (નામ જણાવેલ નથી તેમજ નામ હાલમાં પ્રાપ્ત નથી) સ્થળ ઉપર તપાસ કરવા આવેલ તેમને અસલ દસ્તાવેજ બતાવેલ તેમણે નોંધાયેલ દસ્તાવેજની (REGISTERED) દસ્તાવેજ પણ બતાવેલ. ત્યાર બાદ તા.૧–૪–૦૯ થી તા.૩૧–૩–૧૦ ના જાણવા મળેલ કે બીલ જુના માલિકના નામ હેઠળ બનાવવામાં આવેલ જેથી એવું ફલિત થાય છે કે તા.૫–૩–૦૯ ની નામફેરની અરજી પર સંપૂર્ણ કાર્યવાહી થઈ નથી. આ બાબતે અરજદારે તપાસ કરેલ તો જાણવા મળેલ કે તપાસ કરનાર કર્મચારી/અધિકારીએ નોંધ કરેલ છે કે નોંધાયેલ દસ્તાવેજની નકલ રજૂ કરવા જણાવેલ છે. આથી અરજદારે તા.૫–૧–૧૦ ના રોજ મહાનગરપાલિકાને નામફેર અરજીનું નામફેર કરનાર મહિલા અધિકારી કર્મચારીએ નોંધેલ રજીસ્ટર દસ્તાવેજી નકલ નોટરી ધવારા પ્રમાણિત નકલોનો આગ્રહ રાખતાં તે મુજબ નોટરી કરેલ. અને નોંધાયેલ દસ્તાવેજી નકલ રજૂ કરેલ હતી તેમજ દલપતભાઈ નાથુભાઈ પટેલના ફોટાની માંગણી પણ કરેલ અને એ જ દિવસે મહિલા કર્મચારી/અધિકારીએ આપવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. મુદ્દા નં.૧ મહાનગરપાલિકાને લગતા ધારાધોરણ નિયમો પ્રમાણે દસ્તાવેજની વ્યાખ્યા શુ? તે જણાવશો. (૨) એટેસ્ટેડ નકલ એટલે શુ? નોટરી ધ્વારા પ્રમાણિત નકલનો આગ્રહ શા માટે? અને તે માટે કોઈ પરીપત્ર, નિયમ, કાનૂન છે કે કેમ? તે પણ જણાવશો. (૩) સ્થળ ઉપર તપાસ કરનાર અધિકારી સક્ષમ અધિકારી છે કે કેમ? જો સક્ષમ અધિકારી ના હોય તો સ્થળ પર તપાસ કરવાની તેમની સત્તા છે કે કેમ? જો સત્તા ન હોય તો સક્ષમ અધિકારીની મંજુરી લેખિત, મૌખિક કે અન્ય પ્રકારે મેળવેલ છે કે કેમ? જે અંગેની નોંધ નગરપાલિકાના પત્રક કે અન્ય નોંધ રાખવાના સ્થળે કરેલ છે કે કેમ? આ અંગેની નકલ આપવા વિનંતી. (૪)જો સ્થળ ઉપર તપાસ કરનાર અધિકારી સક્ષમ અધિકારી હોય તો રૂબરૂમાં મુળ નોંધાયેલ દસ્તાવેજ બતાવવા છતાં નોંધાયેલ દસ્તાવેજની નકલનો આગ્રહ શા માટે? (૫) જો તપાસ કરનાર અધિકારી સક્ષમ અધિકારી ન હોય તો અને તેમને સક્ષમ અધિકારીની કોઈ પણ પ્રકારની મંજુરી ન મેળવેલ હોય તો મહાનગરપાલિકાના કોઈ નિયમ કાનૂનનો ભંગ થાય છે કે કેમ? તે જણાવશો. જો તેમ ન થાય તો શું કાર્યવાહી કરવામાં આવશે તે પણ જણાવશો. (૬) નામફેર અંગેની અરજી અંગેના કામ કરનાર તમામ કર્મચારી /અધિકારીના નામ અને પગાર ધોરણ જણાવશો. (૭) તા.૧–૧–૦૯ થી તા.૩૧–૧૨–૦૯ સુધીમાં મહાનગરપાલિકાના વેસ્ટઝોનની ઓફિસમાં નામ ફેર માટે કેટલી અરજી આવી તે જણાવશો. (૮) શું દરેક અરજી માટે નોંધાયેલ દસ્તાવેજની નકલનો આગ્રહ રાખેલ છે કે કેમ? તે જણાવશો. (૯) જો તેમ ન થયેલ હોય તો અમુક ચોકકસ પ્રકારના અરજદારને માત્ર નોંધાયેલ પ્રમાણિત નકલનો આગ્રહ શા માટે તે જણાવશો. (૧૦) જો અમુક અરજદારોની અરજી નામફેર માટેની નોંધાયેલ પ્રમાણિત નકલ વિના કાર્યવાહી કરી નામ ફેર કરેલ હોય તો તેવા સંજોગોમાં જેમની નામફેર માટેની અરજી માટે નોંધાયેલ પ્રમાણિત નકલની માંગણી ભારતીય બંધારણની કલમ–૧૪ (સમાનતા)નો ભંગ કરેલ છે કે કેમ? તે જણાવશો. (૧૧) અરજદારની ઉપયુકત નામફેરની અરજી ઉપર કાર્યવાહી કરી નામફેર કરેલ છે કે કેમ? જો હોય તો કઈ તારીખના રોજ કરેલ છે.

(૧૨) જો નામફેર અરજીના સંદર્ભમાં નામફેર ના કરેલ હોય તો કારણ જણાવશો. (૧૩) જો અરજદારની અરજી કે દસ્તાવેજ કે અન્ય કોઈ કારણસર ન થતી હોય તો શું મહાનગરપાલિકામાં અરજદારને ક્ષતિ પૂર્તતા માટે લેખિતમાં જણાવવાની વ્યવસ્થા છે કે કેમ? શું અરજદારની અરજીને અનિર્ણત રાખી મુકાય કે કેમ? તે જણાવશો. શું અરજદારની અરજીને હંમેશ માટે અનિર્ણત રાખી મુકવાની સત્તા છે? જો હા હોય તો જોગવાઈની નકલ આપશો. જો ના હોય તો જવાબદાર કોણ તે નકકી થશે? (૧૪) જો સમગ્ર વર્ષ ૨૦૦૯ દરમ્યાન નામ ફેર માટે મળેલી અરજીઓ કાર્યવાહી ન કરવા માટે કે સંપૂર્ણ ધ્યાન ન આપવા માટે જો કોઈ મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારી કસુરવાર જણાય તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ? તે જણાવશો. (૧૫) વેરાબીલમાં નોંધવામાં આવે છે કે આ બીલની તારીખથી ૧૫ દિવસમાં મિલ્કતવેરાની રકમ ભરપાઈ ન થાય તો તે રકમ બીજી નોટીસ આપ્યા વિના બીપીએમસી એકટ ૧૯૪૯ ની કલમ–૪૧(ક) અન્વયે જોગવાઈ અનુસાર ૧૮ ટકા સાદા વ્યાજ સાથે વસુલ લેવા પાત્ર થશે.

શું લોકો બીપીએમસી એકટની કલમ ધ્વારા મર્યાદિત સમયમાં વેરાબીલની રકમ ભરવાની થાય તો તેમજ દંડ પણ કરી શકાય તો મહાનગરપાલિકાના કર્મચારી, અધિકારી કે ઉચ્ચ અધિકારી ધ્વારા કાર્યાલયમાં થંભાવી રાખેલ કાગળ દસ્તાવેજના નિકાલમાં વિલંબ કરવાના કારણસર કોઈ કાનુન નિયમ કે જોગવાઈ છે કે કેમ? શું ઉપરના કિસ્સામાં અધિકારીઓ જવાબદાર નથી? (૧૬) અરજદારને તા.૧–૪–૧૦ થી તા.૩૧–૩–૧૧ ના સમયગાળા માટેનું વેરાબીલ મળેલ નથી શા માટે વેરાબીલ આપવામાં આવેલ નથી? તે જણાવશો. (૧૭) ઉપયુકત વિગતો જેવી કે, નામફેરની અરજી પર કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કર્યાવિના વાંધા વચકા કાઢ વા લાંબા સમયે અરજીને નાંખી મુકવી એ એક પ્રકારની ઈરાદા પૂર્વક ઉપજાવેલી ગોઠવણી કે જે અંગે આંગળી ચીંધી શકાય એવા હેતુસર જણાય છે કે કેમ? જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૬૫ તા.૨૮–૧૦–૧૦ થી " અરજદારે નં. ૧૭બી –૨૪ –૪૦૧૧ –૦ –૦૦૧ વાળી મિલ્કતની નામફેર અંગેની માહિતીની નકલ દીઠ રૂા.૨/– લેખે ફી ભર્યેથી માહિતી મળી શકશે તેવું જણાવેલ." જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૧૨૧૨૫૭ તા.૧–૧૧–૧૦ થી રૂા.૨/– નકલ ચાર્જ ભરપાઈ કરેલ છે. જેના સંદર્ભે અરજદારે નમુના –ખ કે 'ગ' માં પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી તા.૨૬–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે રૂા.૨/– તા.૧–૧૧–૧૦ ના રોજ રસીદ નં.૧૨૧૨૫૭ થી ભરપાઈ કરેલ જે અંગે અરજદારે પાર્ટી સ્ટેટસની નકલ મળ્યાની રજૂઆત કરેલ છે. જે તેઓએ માંગણી કરેલ નથી તેમજ તેને માહિતીની પૂર્તતા માની શકાય નહીં તેવી રજૂઆત કરેલ છે. તેમજ માંગેલ માહિતી આપવામાં આવેલ નથી તેવું પણ જણાવેલ છે. વધુમાં નામફેરની અરજી અંગેની કોઈ કાર્યવાહીની વિદિત કરવામાં આવેલ નથી તેમજ વેરાબીલ મળેલ નથી. તેમજ તેમની માંગણી પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની કલમ–૪(૧) (ખ) ના ૧ થી ૧૭ ના મુદ્દામાં સમાવિષ્ટ છે તેવી રજૂઆત કરેલ છે. મહાનગરપાલિકા ધ્વારા માહિતીનો પ્રતિભાવ મળેલ નથી તેવું પણ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાર્ટી સ્ટેટસ સિવાયની કોઈ માહિતી પૂરી પડાયેલ નથી. આથી જાહેર માહિતી અધિકારીએ અરજદારની માંગ્યા મુજબની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

અરજદારની મુળ અરજીના મુદ્દા નં. ૧ થી ૩, ૫ તથા ૬ આરટીઆઈ એકટની કલમ–૪ ૧ (ખ) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે તે પ્રકારની માહિતી ગણી શકાય તેમ છતાં તે પૂરી પાડવામાં આવી નથી. વધુમાં અરજીના મુદ્દા નં.૧૧,૧૨,૧૩ અને ૧૬ આરટીઆઈ એકટની કલમ–૪(૧) ડી હેઠળ અસરકર્તા વ્યકિતઓને વહીવટી અને અર્ધ ન્યાયિક નિર્ણયના કારણ આપવાની જોગવાઈ હેઠળ પણ સમાવિષ્ટ થાય છે. જયારે મુદ્દા નં.૮ અને ૧૦ કલમ–૪(૧) સી હેઠળ અગત્યની નિતિ ઘડતર સમયે કે જાહેર કરતી વેળા જાહેર જનતાને અસર કર્તા નિર્ણયો સબંધમાં સબંધકર્તા હકીકત જાહેર કરવાની કક્ષામાં આવે છે. તેમ છતાં તેવી કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જે કાયદાના આમુખથી પ્રદર્શિત થયેલ પારદર્શિતા અને જવાબદારી નિયત કરવાના કાયદાના હેતુ અને ભાવના સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલી ન હોઈ સઘળી માહિતી ઉપલબ્ધ દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાંતિભાઈ ઠાકોરભાઈ પટેલ,